## સિધ્ધિઓના પ્રકાર

( પાતંજલ યોગદર્શન - સમાધિપાદ - "મુકતા" પુસ્તકમાંથી સાભાર )

સિધ્ધિઓના પણ ત્રણ પ્રકાર છે. એક-બે વાર બાબાજીએ પણ અમારી સાથે વાતચીત કરેલી તેમાં સિધ્ધિઓના ત્રણ પ્રકાર ગણાવેલા. એક 'લૌકિક' સિધ્ધિ, બીજી 'યોગિક' સિધ્ધિ અને ત્રીજી સ્વયં સિધ્ધિ અને ચોથી ગણીએ તો પાખંડ અને હાથચાલાકીની સિધ્ધિ પણ ગણી શકાય. મંત્રના અનુષ્ઠાનથી કે તપના પ્રભાવથી એકાદ સિધ્ધિ પ્રાપ્ત થઈ જાય અને એ સિધ્ધિના પ્રદર્શનથી લોકોમાં વાહવાહ થવા લાગે. પૂજા થવા લાગે તે લૌકિક સિધ્ધિ છે. જપ-તપથી પ્રાપ્ત કરેલું વપરાઈ ન જાય ત્યાં સુધી આ સિધ્ધિ કામ આપે છે. બેંકમા ગમે તેટલું દ્રવ્ય જમા કરાવીએ તો વહેલું કે મોડું તે દ્રવ્ય અવશ્ય ખૂટી જાય. તેમ લૌકિક સિધ્ધિને વાપરવા માંડીએ તો લોકોમાં વાહવાહ અને પૂજા તો થાય, પધરામણીઓ તો થાય પરંતુ છેવટે દેવાળું નીકળે; તે સિધ્ધિઓ ચાલી જાય. આ લૌકિક સિધ્ધિની વાત થઈ. આગળ એક સૂત્ર આવશે જેનો અર્થ છે: સ્થાનવાળાઓના નિમંત્રણથી યોગીને તેનામાં મોહ અને અહંકાર થાય તો ફરીને અનિષ્ટનો પ્રસંગ આવે છે.

યોગીઓને, સંતોને, સ્થાનવાળાઓ-સંસારીઓ-મઠધારીઓ-આશ્રમવાસીઓ પોતાને ત્યાં પધારવાનું નિમંત્રણ આપે છે. જો સ્થાનવાળાઓના નિમંત્રણથી કે પ્રશંસાઓ સાંભળી સાંભળીને કે તેમના તરફથી થતી પૂજાઓથી યોગીના મનમાં સંગ ( મોહ ) અને સ્મય ( અહંકાર ) આવે: જેમકે મારી કેવી પૂજા થઈ રહી છે! હું કેવો મોટો યોગીરાજ! મને તો લોકો ભગવાન સમાન ગણે છે! હું તો ગુરુ, આટલા મારા શિષ્યો, આટલા આટલા મને બોલાવી રહ્યા છે! તેનો અહંકાર જાગે અને સ્થાનવાળાઓને ત્યાં જતો-આવતો થાય તેથી તેનો સંગ લાગી જાય, મોહ-માયા લાગી જાય, કુટુંબોમાં મમતા બંધાઈ જાય અને ત્યારે પુનરનિષ્ટપ્રસંગાત્ . ફરીને અનિષ્ટનો પ્રસંગ આવે છે. 'પુન:' શબ્દ વાપર્યો છે એટલે કે પહેલાં જેવું અનિષ્ટ હતું તેવાં અનિષ્ટોમાં ફરીને ફસાય છે.

આ રીતે લૌકિક સિધ્ધિ ચાલી જાય એટલે પાછા હતા એવા ને એવા થઈ જાય. લૌકિક સિધ્ધિથી ચડિયાતી યોગની સિધ્ધિ છે. ચાહે એક હોય કે ચાહે આઠેય હોય, તે ખૂબ જબરજસ્ત છે. લૌકિક સિધ્ધિથી પણ નીચલી કક્ષાની એક સિધ્ધિ છે; તે પાખંડની સિધ્ધિ, ચાલાકીની સિધ્ધિ. લોકોને સમજ ન પડે એટલી ઝડપથી કે એટલી ચાલાકીથી કે એટલી બુધ્ધિથી લોકોને છેતરી લેનાર પણ સિધ્ધમાં ગણાતો હોય અને લૌકિક સિધ્ધિ મેળવેલી હોય તે પણ સિધ્ધમાં ગણાતો હોય અને અષ્ટાંગયોગથી જેણે સિધ્ધિ મેળવેલી હોય એ પણ સિધ્ધમાં ગણાતો હોય. પ્રથમ બે પ્રકારના સિધ્ધ કરતા યોગસિધ્ધ ઘણો ચડિયાતો છે. તેની પાસેથી સિધ્ધિ ખૂટતી નથી. તે સિધ્ધિ તેને આત્મસિધ્ધિ સુધી પહોંચાડે છે. જો આ સિધ્ધિઓમાંથી પતન જ થવાનું હોય તો પતંજલીમુનિ યોગદર્શનમાં આવડો મોટો વિભૂતિપાદ મૂકત જ શા માટે! તેમની તો સાધકોને કલ્યાણમાર્ગમાં લઈ જવાની કેટલી બધી ઇચ્છા અને તાલાવેલી છે! તે માટે કેવું અમૂલ્ય યોગશાસ્ત્ર-યોગદર્શન તેમણે આપણી સમક્ષ મૂકી દીધું!

તે સિધ્ધિઓ હકીકતમાં પતન કરનારી નથી, એ તો એક દીવાદાંડી છે. અહીંથી આપણે મુંબઈ જતા હોઈએ અને વચ્ચે સુરત આવે તો તેની ખબર પડે કે અમદાવાદથી સુરત સુધી પહોંચ્યા. એટલે કે આટલા ગાઉ માર્ગ કાપ્યો અને હવે આટલો માર્ગ બાકી રહ્યો. સુરત આવ્યું તો મુંબઈ હવે આટલું બાકી રહ્યું. આ બધી સમજણ પડતી જવાથી મુંબઈ સુધી પહોંચવામાં હિંમત હારી ન

જવાય. ધીરજ ખોઈ ન બેસાય અને વળી જ્યાં જ્યાં જગતના કલ્યાણ માટે આ યોગઅષ્ટમહાએશ્વર્ય ની જરૂર પડે ત્યાં પરમાત્માની પ્રેરણાથી એનું પ્રદર્શન પણ કરે, ગુરુદેવની આજ્ઞાથી આ સિધ્ધિઓ ઉપાદેય છે. હવે 'સ્વયંસિધ્ધિ'ની વાત કરીએ.

સ્વયંસિધ્ધિ એટલે સાધક યોગનો અભ્યાસ કરતો કરતો આગળ વધતો જાય પરંતુ સિધ્ધિઓ પ્રાપ્ત કરવા માટે બાજુમાં સહેજ ફંટાવું પડે તો ફંટાય નહિ. સિધ્ધિઓમાં એનું મન લોભાય જ નહિ. તે સીધો સડસડાટ, સુરત કે વડોદરા ઊતર્યા સિવાય મુંબઈ જ જવા માટે દોડ ચાલુ રાખે; બાજુમાં જરાય ફંટાય નહિ, થોડી વાર પણ રોકાય નહિ અને સીધો મુંબઈ. તેને વચમાં સુરત કે વડોદરા ન આવે, ત્યાં શું છે તેની ખબર તેને ન પડે અને સીધો તે મુંબઈ પહોંચી જાય, સીધો તે ભગવાનને પ્રાપ્ત કરી લે, આત્મસાક્ષાત્કાર-પરમાત્મસાક્ષાત્કાર-બ્રહ્મસાક્ષાતકાર કરી લે તે મહાસિધ્ધિ. તેને મહા આત્મસિધ્ધિ પ્રાપ્ત થઈ. યોગની જે અષ્ટસિધ્ધિઓ છે તેની તેને ખબર નથી તો પણ મહાસિધ્ધ તરીકે ગણાતો હોય, તેના નામની બાધાઓ ચાલતી હોય, તેના નામથી જે કાંઈ કરવામાં આવે તેમાં સફળતા મળતી હોય, કોઈ તેમના નામની બાધા રાખે કે મારે ત્યાં પુત્ર થશે તો હું બાપજી પાસે હવન કરાવીશ કે મારી નોકરી છૂટી ગઈ છે એ નોકરી પ્રાપ્ત થશે તો હું તેમની પાસે જઈને નાળિયેર વધેરીશ કે કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે તેમાં જીતી જઈશ તો યોગીમહારાજને ફૂલનો હાર પહેરાવીશ વગેરે વગેરે જે જે કાંઈ મનમાં સંકલ્પો કરે તે બધાના સંકલ્પો ફળે, સિધ્ધ થાય; જ્યારે યોગીમહારાજને, બાપજીને આ બધાયની કાંઈ જ ખબર ન હોય અને બધું બન્યે જતું હોય. જેણે યોગની સિધ્ધિ પ્રાપ્ત કરી છે તેને તો આ બધી ખબર પડતી જતી હોય, તે આયાસપૂર્વક બધું કરી શકે. જ્યારે સ્વયંસિધ્ધિ જેણે પ્રાપ્ત કરી લીધી હોય તેને કશી જ ખબર ન હોય તે તો પ્રભુમસ્તીમાં મસ્ત થઈ ગયેલો હોય. તો પછી આ બધું કેવી રીતે થતું હશે? તે તો બ્રહ્મસાક્ષાત્કારી, તે તો પરમાત્મસાક્ષાત્કારી, તે તો આત્મસાક્ષાત્કારી, તે તો બ્રહ્મનો લાડીલો, પરમાત્માનો વહાલસોયો, આત્માનો પનોતો પુત્ર તેથી તે બધા તેની સાંભળ રાખતા હોય છે.

આપણો કોઈ સ્નેહી કે મિત્ર આપણા માટે મરી ફીટતો હોય, આપણું ઘણું બધું કરી છૂટતો હોય તો તેના તરફ આપણને કેવું વહાલ થાય છે! તેને માટે આપણે કેટલું બધું કરી છૂટવા તૈયાર હોઈએ છીએ!